# શહેરમાં મહાજંગમાં પકડાતો રંગ...



ગાંધીનગર મહાનગરપાલિકાનો ચૂંટણી પ્રચાર વરસાદી માહોલમાં પણ જોર પકડી રહ્યો છે. શહેરના વોર્ડ નં.૨ માં સમાવિષ્ટ પેથાપુર વિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવારો ગજેન્દ્રસિંહ વાઘેલા, પ્રવિણસિંહ ડાભી, મીનાબા વાઘેલા અને ક્રિષ્નાબેન ઠાકોર સહિત અગ્રણી કાર્યકરોએ ડોર ટુ ડોર પ્રચાર હાથ ધર્યો હતો. આ પ્રચાર કાર્યોમાં યુથ કોંગ્રેસના મહામંત્રી રાજદીપસિંહ બિહોલાએ પણ હાજરી આપી સક્રિય ભુમિકા ભજવી હતી. કોંગ્રેસ દ્વારા આ વખતે પુનરાવર્તન નહીં પરંતુ પરિવર્તનનો નારો આપી મતદારોને રિઝવવા પ્રયાસ કર્યો હતો અને ડોર ટુ ડોર પ્રચાર દરમિયાન તેમને નાગરિકો તરફથી પ્રોત્સાહક પ્રતિસાદ પણ સાંપડયો હતો.



ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનું પ્રચારકાર્ય જોરશોરથી ચાલી રહ્યુ છે. દરેક પક્ષો વોર્ડમાં ફરીને પ્રચાર કરતા નજરે ચઢી રહ્યા છે. વોર્ડ નં. ૯ માં કોંગ્રેસ પક્ષ દ્વારા ડોર ટુ ડોર પ્રચાર કરવામાં આવ્યો હતો. પક્ષના કાર્યકરો જુસ્સાભેર પ્રચારકાર્યમાં જોડાયા છે.



### ભાજપ વોર્ડ નં. ૧૦ના ઉમેદવારોનો ચૂંટણી પ્રચાર

ભાજપ વોર્ડ નં.૧૦ના ઉમેદવારોએ રાંદેસણ ગામમાં લોક સંપર્ક રાઉન્ડની શરૂઆત કરી હતી.જેમાં મોટી સંખ્યામાં ભાજપના ઉમેદવારો અને સાથી મિત્રો જોડાયા હતા.



ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી ટૂંક સમયમાં થવાની છે ત્યારે ઉમેદવારો છેલ્લી ઘડીના પ્રચારમાં લાગી ચુકયા છે. વોર્ડનં.૫ના કોંગ્રેસના ઉમેદવાર બ્રિજરાજસિંહ ગોહિલ દ્વારા વડીલોના આશીર્વાદ લઈને ઘરે ઘરે જઈ ચૂંટણી પ્રચાર કરવામાં આવ્યો હતો.




### વરસતા વરસાદમાં પણ 'આપ'ના ઉમેદવારોનો પ્રચાર

શહેરમાં એક તરફ સતત વરસાદ વરસી રહ્યો છે અને બીજી તરફ મહાનગરપાલિકાની ચૂંટણીઓની તારીખ નજીક આવી રહી હોવાના કારણે રાજકીય પક્ષો તેમજ ઉમેદવારો દ્વારા પ્રચારકાર્ય સઘન બનાવાઈ રહ્યું છે. છેલ્લાં ત્રણ દિવસથી સર્જાયેલા સતત વરસાદી માહોલ દરમ્યાન ગાંધીનગર શહેરના રાજમાર્ગો પર પહેલીવાર ચૂંટણી લડી રહેલી આમ આદમી પાર્ટીના ઉમેદવારો વરસતા વરસાદમાં પણ મતદારો સમક્ષ પોતાની વાત મુકીને પ્રચાર કરવાનો પ્રયાસ કરતા જોવા મળી રહ્યા હતા.



### ભાજપ વોર્ડ નં.૫ના ઉમેદવારોનો ચૂંટણી પ્રચાર

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનો પ્રચાર કરતા વોર્ડ નં. ૫ ભાજપના ઉમેદવારોએ સેકટર-૨૨માં ચૂંટણી પ્રચાર ઝુંબેશ કર્યો હતો. જેમાં ડોર ટુ ડોર નાગરિકોને મળીને મત આપવાની અપીલ કરી હતી.

# જિલ્લા પંચાયતના નવા મકાનની માંગણીનો ઉકેલ આવી જશે તેવા સ્પષ્ટ સંકેત

**જમીનના મુદ્દે કલેક્ટર, ડી.ડી.ઓ. અને અધિક મુખ્ય સચિવ મિત્રાની ઉપસ્થિતિમાં બેઠક યોજી આગળ વધશે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતના મકાન અંગેની સમસ્યાનો ઉકેલ આગામી સમયમાં આવી જશે તેવા સ્પષ્ટ સંકેત આજે મળ્યા છે. મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રાએ આ મુદ્દે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ અને જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય સાથે સંયુક્ત રીતે બેઠક યોજવામાં આવશે અને ઝડપથી આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવશે તે અંગેનો આખો તખ્તો તૈયાર કરી દીધો છે.

સચિવાલયના અત્યંત વિશ્વસનીય સૂત્રોના જણાવ્યાનુસાર આગામી પખવાડિયામાં અધિકારી કક્ષાએ બેઠક સંપન્ન થઈ જશે. આ પછી પંચાયત વિભાગ અને આર.એન્ડ.બી. સાથે બેઠક થશે અને તેમાં અટવાયેલા આ પ્રશ્નના ઉકેલની આખી રચનાને આખરી ઓપ આપવામાં આવશે.

જિલ્લા પંચાયતનુ હાલનું મકાન ૩૮ વર્ષથી પણ જુનુ પુરાણુ છે. જિલ્લો જ્યારે એક તાલુકાનો બનેલો હતો ત્યારે તે સમયની જરૂરિયાતને ધ્યાને રાખી આ મકાન બનાવવામાં આવ્યું હતું.

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં અલગ-અલગ સમયે ત્રણથી વધુ વખત નવી જમીનની માંગણી સાથેના ઠરાવો પણ પસાર કરવામાં આવ્યા હતા. અગાઉ અવંતિકાસિંઘ જિલ્લા વિકાસ અધિકારી તરીકે હતા ત્યારે આ મુદ્દે સારી એવી હિલચાલ થઈ હતી પરંતુ આ પછી ફાઈલો પાછી અભેરાઈએ ચડી ગઈ હતી.

હવે જિલ્લામાં અને રાજ્યમાં ભાજપની સરકાર છે અને આ અંગે પંચાયતે પ્રસ્તાવ પણ પસાર કર્યો છે. આ બાબતને લઈ હવે પંચાયત વિભાગ જાતે હરકતમાં આવ્યુ હતુ આ પ્રશ્ન ઝડપથી ઉકેલાઈ જશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લા પંચાયતનુ નવુ મકાન ખુબ જ જરૂરી બન્યુ છે. જિલ્લાનું વિસ્તરણ થયુ છે તેમજ અધિકારીઓને તેમને મળવા પાત્ર જગ્યા પણ ફાળવી શકાતી નથી એટલુ જ નહિ સામાન્ય સભા માટે હોલ નાનો પડે છે તેમજ પાર્કિંગની પણ મોટી સમસ્યા છે. આ બધી બાબતોનો જગ્યા મળેથી ઉકેલ આવશે તેવો વિશ્વાસ ઉભો થયો છે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે યોજાયેલ વિડીયો કોન્ફરન્સ દરમ્યાન પણ સકારાત્મક રીતે સરકાર આગળ વધી રહી હોવાના સંકેતો આપવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

## સાત દિવસમાં શુ પગલાં લેવા માંગો છો તે જણાવો : કોર્ટ

ગાંધીનગર, તા. ૨૧

કોંગ્રેસના પૂર્વ કાઉન્સીલર પિન્કીબેન પટેલે સે. ૧૧માં મેયર રીટાબેન પટેલ દ્વારા બનાવવામાં આવેલ કોમર્શિયલ બિલ્ડીંગને લગતો વિવાદ ફરી એકવાર સપાટી પર આવવા પામ્યો છે.

પિન્કીબેન પટેલે કરેલ જાહેર હિતની અરજી અંગે આજે રાજ્યની વડી અદાલતમાં તેની સુનાવણી હાથ ધરાઈ હતી. આ સુનાવણી દરમ્યાન આ મામલે વિકાસ પરવાનગી, જીડીસીઆર સહિતની તમામ જોગવાઈઓના પાલન બાબતે શું કાર્યવાહી હાથ ધરવાની છે તે અંગેનો જવાબ સાત દિવસમાં રજુ કરવા મ્યુનિ. કોર્પોરેશનના તંત્રને નિર્દેશ કર્યો છે.

હવે આગામી સપ્તાહમાં આ મુદ્દે વધુ સુનાવણી હાથ ધરાશે તેમ જાણવા મળેલ છે.

## આર.એન. પટેલ સ્કૂલનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૧

આર.એન. પટેલ શાળાનો ધોરણ- ૭-સીનો વિદ્યાર્થી ઠાકર કશ્યપ નરેશકુમારે નેશનલ અર્બન ગેમની ૨૦૦ મીટર દોડમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. જે શાળા પરિવાર માટે ખુબ જ ગર્વની વાત છે. શાળાના આચાર્ય દશરથભાઈ પટેલ અને સમગ્ર શાળા પરિવાર તરફથી કશ્યપ અને તેના વાલીશ્રી ને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## બીસીએ કોલેજમાં વુમન ડેવલપમેન્ટ સેલનો કાર્યક્રમ યોજાયો

બી.પી. કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ અને એસ.વી. ઈન્સ્ટિટ્યુટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ બીસીએની વિદ્યાર્થીનીઓ માટે વુમન ડેવલોપમેન્ટ સેલનો ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો હતો. વુમન ડેવલોપમેન્ટ સેલ અંતર્ગત આ કાર્યક્રમમાં ડૉ. વીણાબેન પટેલ, ડૉ. સુનિતા લીલાણી, ડૉ. પ્રીતિ સાલવીએ વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડાયરેકટર રૂપેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ કોલેજના ડબલ્યુડીસી સેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની ૧૨૮ કરતા વધારે વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

## જે.બી. પ્રાથમિક શાળામાં ઓનલાઈન પ્રવૃત્તિ યોજાઈ

જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ-૨ના વિદ્યાર્થીઓ માટે રંગીન કાગળમાંથી જુદા જુદા આકારો બનાવી તોરણ બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વર્ગના કુલ ૧૮ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તેમજ ધોરણ-૧માં રંગીન કાગળમાંથી હોડી અને વિમાન બનાવવાની પ્રવૃત્તિ યોજાઈ હતી. વિદ્યાર્થીઓએ વાલીના સહકાર અને શિક્ષકોના માર્ગદર્શન હેઠળ સુંદર મજાના તોરણો, હોડી અને વિમાન બનાવ્યા હતા. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# સિવિલ કેમ્પસ અને સે. ૭માંથી બે એકટીવાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથક હદ વિસ્તારમાંથી બે એકટીવા ચોરીના બનાવો નોંધાયા છે. સેકટર-૭ ખાતે શ્યામજી કૃષ્ણ વર્મા અને સિવિલ જુની કેન્ટીન પાસેથી એકટીવાની ઉઠાંતરી થવા પામી છે. સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે વાહનચોરને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

શહેરમાં વાહનચોરીના બનાવો સતત વધી રહ્યા છે. સિવિલ કેમ્પસમાંથી આંતરે દિવસે વાહનચોરીનો કિસ્સો સામે આવે છે. પોલીસ પેટ્રોલીંગ અને વાહન ચેંકીગ હોવા છતા પણ ચોર ઈસમો વાહનચોરીને અંજામ આપી સિફતપૂર્વક નીકળી જાય છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાંથી બે એકટીવાની ચોરી થવા પામી છે. જેમાં સેકટર-૭ શ્યામજી કૃષ્ણ વર્મા આવાસ ખાતે બ્લોક નં. ૯-૫૦૨માં રહેતા લકીરાજસિંહ વિજયસિંહ જાડેજા (ઉં.૨૪) સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે અને માતા-પિતા સાથે રહે છે. ગત તા.૧૫ ના રોજ સવારે ૭ વાગે તેમનું એકટીવા નં. જી.જે.૧૮.એ.ક્યુ.-૩૦૩૦ બ્લોક નીચે પાર્ક કરેલી જગ્યા પર હતું. પરંતુ ૧૦ વાગે તેઓ કામઅર્થે બહાર જવાનું હોવાથી નીચે આવ્યા હતા. ત્યારે પાર્ક કરેલી જગ્યા પર એકટીવા ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા ન મળી આવતા સેકટર-૭ પોલીસ મથકે રૂ.૧૫ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

જયારે બીજા બનાવમાં વસ્ત્રાલ રબારી કોલોની અવધ રેસીડેન્સી ઈ-૫૦૪ ખાતે રહેતા મેઘાબેન દિપ્તેશભાઈ પટેલ ગાંધીનગર સિવિલમાં છેલ્લા ૬ વર્ષથી કરાર આધારીત લેબ ટેકનીશીયન તરીકે ફરજ બજાવે છે. અમદાવાદ થી ગાંધીનગર સિવિલ એકટીવા નં. જી.જે.૨૭.એ.જી.-૨૧૨૯ લઈને આવ્યા હતા. મેઘાબેને પોતાનું એકટીવા સવારે ૧૧ વાગે નોકરી પર આવ્યા તે સમયે જુની કેન્ટીન બગીચા પાસે પાર્ક કર્યું હતું. જયારે નોકરી પૂર્ણ કરીને આવ્યા તો પાર્ક કરેલી જગ્યા પર એકટીવા ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા એકટીવા ન મળી આવતા તેઓએ સેકટર-૭ પોલીસ મથકે રૂ.૨૦ હજારના એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે. જેથી પોલીસે એકટીવા ચોરોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા દક્ષિણ ગુજરાતમાં યોજાયો પ્રશિક્ષણ વર્ગ

ગાંધીનગર, તા.૨૧

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી-ગાંધીનગરના એફિલિએશન વિભાગ દ્વારા ૨૦ સપ્ટેમ્બરના રોજ સુરતના ઉત્રાણ ખાતે પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરાયું. શ્રીમતી એસ. એચ. ગજેરા પ્રાઈમરી સ્કૂલ (ઉત્રાણ) ખાતે આ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં યુનિવર્સિટીના વિષય નિષ્ણાતોએ સુરત, વલસાડ અને નર્મદા જિલ્લાના ૪૦ પ્રશિક્ષકોને યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોનું પ્રશિક્ષણ આપ્યું હતું.






ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ હર્ષદ પ્ર. શાહે 'યુનિવર્સિટીને જાણો' વિષય પર પ્રવચન આપતાં કહ્યું હતું કે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી શિક્ષણમાં ગુણાત્મક બદલાવ લાવવા માગે છે. ભૂતકાળમાં ભારતમાં નાલંદા, તક્ષશિલા, વિક્રમશિલા, વલભી વિદ્યાપીઠ જેવી વિશ્વકક્ષાની યુનિવર્સિટીઓ હતી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી આવી વિશ્વકક્ષાની યુનિવર્સિટી બને તેવી નેમ છે. આત્મનિર્ભર ભારત અંતર્ગતના ટોય ઈનોવેશન પ્રોજેક્ટ અંગે તેમણે કહ્યું કે, યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ટોય ઈનોવેશન દ્વારા પરંપરાગત રમકડાંને આધુનિક વૈજ્ઞાનિક ઢબે વિકસાવવાનું કાર્ય ચાલી રહ્યું છે. હાલ ૨૫ રમકડાંની ડિઝાઈન પર કામ ચાલે છે. એક રમકડાની પેટન્ટ નોંધાવવાની પણ પ્રક્રિયા ચાલી રહી છે.

# ટીંટોડા ગામના નાનપુરામાં પીવાના દૂષિત પાણીથી રોગચાળાનો ખતરો

**નાનપુરા તરફના બિસ્માર માર્ગો પર વરસાદી પાણીના ભરાવા સાથે પીવાનું પાણી ડહોળું આવવાની સમસ્યાથી ગ્રામજનો ત્રસ્ત**

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામના પેટા પરા વિસ્તાર નાનપુરામાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યા સતાવી રહી છે ત્યાં પીવાનું પાણી પણ ડહોળું અને દુષિત આવી રહ્યું હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. કેટલાંક સમયથી નાનપુરાના રહિશો આ તકલીફોનો સામનો કરી રહ્યાં છે. એક તરફ બિસ્માર રોડ પર વરસાદી પાણીનો ભરાવો અને બીજી તરફ પીવાનું પાણી દુષિત આવતું હોવાથી આ વિસ્તારમાં રોગચાળો ફેલાવાની શક્યતા સર્જાવા પામી છે. સ્થાનિક અગ્રણીઓ દ્વારા અનેકવાર તંત્રમાં વિસ્તારથી રજુઆતો કરવા છતાં પણ આનો ઉકેલ આવતો નથી અને જાણે તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે તેવી સ્થિતિ અનુભવાઈ રહી છે.

કોરોના મહામારીના કહેરમાંથી માંડ કળ વળી છે ત્યાં નાગરિકોના આરોગ્ય સામે ખતરાની ઘંટી સમાન દૂષિત પાણીની સમસ્યાએ માથું ઉંચકતા ટીંટોડાના નાનપુરા વિસ્તારના નાગરિકોમાં દહેશત જોવા મળી રહી છે. મુખ્ય



માર્ગો પર પણ વરસાદી પાણીનો ભરાવો એટલો બધો છે જેના કારણે માખી-મચ્છરનો ઉપદ્રવ પણ વધી જવા પામ્યો છે આ કારણે ડેન્ગ્યુ જેવી જોખમી ગંભીર બીમારીઓ ગ્રામજનો માથે ભમી રહી છે.

## ખૂણેખાંચરેથી

- આગામી ૨૬મી સપ્ટેમ્બર સુધી જિલ્લામાં વરસાદી માહોલ છવાયેલો રહેશે. ૨૨, ૨૫ અને ૨૬ સપ્ટેમ્બરે જિલ્લામાં સારો વરસાદ થશે તેવુ હવામાન-પૂર્વાનુમાન છે.
- ગાંધીનગર સરકારી વાણિજ્ય કોલેજમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે એક વિદ્યાર્થી ક્લબની સ્થાપના કરવામાં આવી છે. જે પરીક્ષાર્થીઓને વિશેષ તાલીમ આપશે.
- વરસાદના પાણીથી સરકારી પોલીટેકનીક ગાંધીનગરના તમામ વર્ગોમાં પાણી ભરાઈ જતાં આજે વિદ્યાર્થીઓને રજા આપવામાં આવી હતી.
- જિલ્લા પંચાયતમાં પાંચ ગ્રામ સેવકોને આંકડા મદદનીશ તરીકે બઢતી આપવામાં આવી છે જ્યારે ૩ ની બદલી કરવામાં આવી છે.
- સીટીપલ્સના માલિક અને જાણીતા આર્કિટેક અશોકભાઈ પુરોહિતનું આજે દુઃખદ અવસાન થયુ છે.
- સે. ૩-ન્યુ માં પ્લોટ નં. ૧૫૫/૨ ની સામે વન વિભાગે વાવેલા આમળાના ઝાડ પર અત્યારે આમળા આવતાં પ્રકૃતિપ્રેમીઓમાં આ મુદ્દાએ અચરજ જગાવ્યુ છે.
- પંચાયત મંત્રી અને પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવે આજે યોજેલી વિડીયો કોન્ફરન્સ બે કલાક જેટલો સમય ચાલી હતી.
- ગાંધીનગર મહાનગરપાલિકાએ ડોર ટુ ડોર કચરાના કલેકશન માટે પાંચથી વધુ ગાડીઓ વધારવાનો નિર્ણય કર્યો છે.
- રાજ્ય સરકારના વેધર વોચ ગૃપની આજે બેઠક મળી હતી.
- સચિવાલયમાં આજે મુલાકાતીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો.
- રાજ્ય મંત્રીમંડળના સભ્યોને આવાસની ફાળવણી પછી શ્રાદ્ધ શરૂ થતા હોવાથી ઘણાએ શ્રાદ્ધ પછી ગૃહ પ્રવેશ કરવાનો નિર્ણય કર્યો છે.

## સરઢવ ખેતરમાંથી ૩૦ મીટર કેબલ વાયરની ચોરી

ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામની સીમમાં આવેલા પાધરીયુવાળા ખેતર તરીકે ઓળખાતા ખેતરના બોરકુવા પરથી ૧૫ મીટર અને બાજુના ખેતરમાંથી ૧૫ મીટર કેબલ વાયરની ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ ગયા છે. જેથી ખેતર માલિકે પેથાપુર પોલીસ મથકે કેબલ વાયર ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

સરઢવ ગામે દેવડા વાસ ખાતે રહેતા ૬૩ વર્ષિય ગોવિંદજી બાબુજી દેવડા ખેતીકામ કરે છે. સરઢવ ગામની સીમમાં ગોવિંદજીનું પાધરીયુવાળા તરીકે ઓળખાતા ખેતરમાં બોરકુવો છે. ગત તા.૧૯ ના રોજ સાંજે બોરકુવા પર ગયા હતા.તે સમયે ૨૫ એમએમનું ૧૫ મીટર વાયર ઓરડીમાં પડ્યુ હતું. જયારે તા.૨૦ ના રોજ સવારે વરસાદ હોવાથી ગોવિંદજી ખેતરમાં એરંડાનું વાવેતર કર્યુ હોવાથી પાણી તો ભરાઈ ગયુ નથી તે જોવા માટે ખેતરમાં ગયા હતા.તે સમયે જોયુ તો બોરકુવા પરથી કોઈ ચોર શખ્સ ૧૫ મીટર વાયર ચોરી કરી લઈ ગયો હતો. જયારે બાજુના ખેતરમાં પણ તપાસ કરતા ભગવાનજી પ્રતાપજી દેવડાના ખેતરમાંથી પણ ચોર શખ્સ ૧૫ મીટર વાયર ચોરી કરી નાસી છુટ્યા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ગોવિંદજી દેવડાએ રૂ.૨૦ હજારના ૩૦ મીટર કેબલ વાયર ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧